**નવી બાબત ૨૦૨૫-૨૬**
**એસસીડબલ્યુ-31-સમરસ કન્યા છાત્રાલય, પાલનપુર અને દાહોદના મકાન બાંધકામ માટે રૂ.૧૮.૭૫/- કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/SHC/e-file/17/2025/0207/K Section**
સચિવાલય, ગાંધીનગર
તા.As Per e-sign

**વંચાણમાં લીધા:**
(૧)નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૭/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/ગ/૨૦૨૪-૨૫/૬૩૮-૬૩૯
(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૪/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/ગ/૨૦૪-૨૫/૧૭૮૧-૧૭૮૩
(૩)નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૩૦/૦૪/૨૦૨૫નો પત્ર ક્રમાંક:અજાક/ગ/સ.છા/૨૦૨૫-૨૬/૨૪૦૯

**આમુખ:-**

અનુસૂચિત જાતિના, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિનાં વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી ઉચ્ચ શિક્ષણમાં સારી રીતે પ્રાપ્ત કરી શકે તે હેતુથી રાજ્યની યુનિવર્સિટીના કેમ્પસમાં રહેવા-જમવા માટે સગવડ આપવાના હેતુથી સમરસ છાત્રાલયો ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૭/૦૧/૨૦૨૫ના પત્રથી (૧) સમરસ કન્યા છાત્રાલય, પાલનપુર, જિ.બનાસકાઠાં (૨)સમરસ કન્યા છાત્રાલય, દાહોદના મકાન બાંધકામ માટેની રૂ.૨.૦૦/- કરોડની નવી બાબતનો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. ઉક્ત ૦૨ છાત્રલયોના મકાન બાંધકામ માટે કુલ ૨.૦૦/- કરોડની જોગવાઈનો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) પરના નિયામકશ્રી (અ.જા.ક.)ના અનુક્રમે તા.૨૪/૦૩/૨૦૨૫ અને તા.૩૦/૦૪/૨૦૨૫ના પત્રથી સમરસ કન્યા છાત્રાલય, પાલનપુરનાં કરકસરયુક્ત બ્લોક એસ્ટીમેટ મળેલ ન હોવાથી સમરસ કન્યા છાત્રાલય પાલનપુર માટે રૂ.૧.૦૦/- કરોડની ટોકન જોગવાઈને મંજૂરી આપવા તથા સમરસ કન્યા છાત્રાલય, દાહોદના મકાન બાંધકામ માટે રજૂ થયેલ રૂ.૫૯.૧૬/- કરોડના બ્લોક એસ્ટીમેટ સામે બજેટ બૂકમાં મંજૂર થયા મુજબ રૂ.૧.૦૦/- કરોડનાં ખર્ચને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે,(૧)સમરસ કન્યા છાત્રાલય, પાલનપુર, જિ.બનાસકાંઠાના નવા બાંધકામ માટે બ્લોક એસ્ટીમેટ રજૂ કરેલ ન હોઈ,SOR મુજબ કરકસરપૂર્વક તથા સમયમર્યાદામાં બ્લોકએસ્ટીમેટ રજુ કરવાની શરતે ટોકન જોગવાઈ લેખે રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની તથા (૨) સમરસ કન્યા છાત્રાલય, દાહોદના નવા બાંધકામ માટે કુલ રૂ.૫૯.૧૬/- કરોડના માંથી વર્ષ:૨૦૨૫-૨૬ માટે રૂ.૧૭.૭૫/- કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ સદરહું બાંધકામ માટે અદ્યતન એસ.ઓ.આર. પ્રમાણે અંદાજ તૈયાર કરાવી સુધારેલી વહીવટી મંજૂરી મેળવવાની રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલયાણ દ્વારા તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૪) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૫)રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૬)જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

(૭)સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

(૮)આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેનાLinkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

(૯)આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦)મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૧)બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૨)આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૪)ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫)સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા તકેદારી રાખવાની રહેશે.

(૧૬)જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા તકેદારી રાખવાની રહેશે.

(૧૭)કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૮)પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

(૧૯)આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૨૦)નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧)સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

(૨૨)સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

(૨૩)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૪)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૫)આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૨૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૮)અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઈ નવી સેવા અથવા સેવાના સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઈ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય,તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઈ ગયેલ સમજવી.ત્યારબાદ જો તે બાબત ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સમરસ કન્યા છાત્રાલય, પાલનપુર, જિ.બનાસકાંઠાના બ્લોક એસ્ટીમેટ રજૂ ન કરેલ હોવાથી બજેટમાં મંજૂર થયેલ રૂ.૧.૦૦/- કરોડની રકમ સામે નાણા વિભાગ દ્વારા ટોકન જોગવાઈ લેખે રૂ.૧.૦૦/- કરોડ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.જેથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ સમરસ કન્યા છાત્રાલય, પાલનપુર, જિ.બનાસકાંઠા માટે સમય મર્યાદામાં સુધારેલ S.O.R. મુજબ કરકસરપૂર્વક બ્લોક એસ્ટીમેટ મળ્યેથી તેને સુધારેલ વહીવટી મંજૂરી અર્થે રજૂ કરવાના રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-(૦૧) અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-(૦૩) SCW-31 સમરસ કન્યા છાત્રાલયોના મકાનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૦૮/૦૫/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
સિલેક્ટ ફાઇલ-૨૦૨૫

Signature Not Verified
Signed by:Dharmishtha Vasava
Under Secretary
Date: 2025.05.21 14:36:05
+05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign